

અર્હદ્
પ્રેરણા પત્ર
❖ વર્ષ : 28 ❖ અંક : 10 ❖ S.No. : 439
❖ તા.16-1-2022 ❖ જાન્યુઆરી
છૂટક નકલ : રૂા. 6/-

# એલર્ટ યુવાનો દ્વારા અલગ અલગ સ્થળોએ સુંદર એક્ટિવીટી





ગુરુ જન્મ સ્થળે ગુરુના પગલાં : પૂ.આ.શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજાના જન્મ સ્થળ “ભાલક” નગરે પ.પૂ.આ.શ્રી જયસુંદરસૂરીશ્વરજી મ.ની પધરામણી



ભાયંદર (વે.) ગ્રુપ દ્વારા ખીચડી વિતરણ



ડભોઈ ગ્રુપ દ્વારા સમોસા-ચટણી વિતરણ




વિરાર ગ્રુપ દ્વારા ગરીબોને ધાબડા વિતરણ



ડભોઈ ગ્રુપ દ્વારા ગરીબોને ધાબડા વિતરણ



ધાંગધ્રા ગ્રુપ દ્વારા ભેંસના બચ્ચાઓને પાંજરાપોળ પહોંચાડ્યા.



ખામગાંવ ગ્રુપ દ્વારા ગાયોને રોટલીનું વિતરણ



વિરાર ગ્રુપ દ્વારા પાંજરાપોળની ગોયોને રોટલીનું વિતરણ



નાલાસોપારા ગ્રુપ દ્વારા ફ્રી ચેકઅપ મેડીકલ કેમ્પનું આયોજન



ધાંગધ્રા મુકામે ગ્રામ પ્રવાસ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 28 ❖ અંક : 10
S.No. : 439 ❖ વિ.સં.2078
તા.16-1-2022 ❖ જાન્યુઆરી

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

૨૪૩, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514


આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

હે યોગીનાથ ! વિશ્વવિજેતા ! કહેવાય છે કે, જગતના તમામ ભાવો તારા નિયંત્રણમાં છે. હે કૃપાળુ ! તું પરમાનંદમય છે. તને શોક કે દુઃખો સ્પર્શી પણ શક્તા નથી. તું ખરેખર બધી વાતે અમને તારવાને સમર્થ છે ! તો હે તારક ! તું મારા ભટકતા મનનું નિયંત્રણ કર ! મારા ચિત્તમાં તું આનંદના બે બુંદ વરસાવ, મારું ચિત્ત વારંવાર શોકમાં અને દુઃખોમાં ભગ્ન બની જાય છે. તું એને ઉગાર !

હે દયાળુ ! તરી ગયેલાને તારે એમાં તારી શી વડાઈ છે ? મારા જેવા ડૂબતાને તારે તો તને ખરો તારક ગણું. હે જ્ઞાનેશ્વર ! તું જ્ઞાનીઓને જ્ઞાની બનાવે તેમાં તારી શી મોટાઈ ?! મારા જેવા અજ્ઞાનીને જ્ઞાન આપે તો તને જાણું ખરો જ્ઞાની !

હે જગતારક પરમાત્મા ! ચાલતાને તો સહુ ચલાવે છે. પડેલાને ઊભા કરી ચલાવે તો તને ખરો નાથ માનું ! સૂતેલાને તો સહુ જગાડે છે. જાગતાને જગાડે તો માનું તું જગદીશ્વર છે.

હે કૃપાનાથ ! તારો અપૂર્વ મહિમા જાણી, તારી અનંત શક્તિ અને અચિન્ત્ય સામર્થ્ય જાણી આ દાસ તારા શરણે આવ્યો છે. તેની ઉપેક્ષા શાને કરો છો. માનું છું હું પાપી છું, પામર છું, પરંતુ મને ક્યારેક તો તારે જ તારવો પડશે ને ? તો પછી શાની રાહ જુએ છે ? કાલે કરવાનું આજે કરવામાં આટલી વાર કેમ લગાડો છો ?

## સંવેદના

ઉદાર હોવાના ઘણા ફાયદા છે. ઉદાર માણસ બધે પૂજાય છે. તે બધે પ્રિય લાગે છે. ઉદાર માણસમાં એક ખૂબી હોય છે. તે હંમેશાં પ્રસન્ન રહેતો હોય છે. તેથી તેને બ્લડપ્રેશર, હાઈપર ટેન્શન, ડીપ્રેશન જેવા મોટા રોગો થતા નથી. તે પોતાની પાસેથી કિંમતી પણ વસ્તુઓ (જેમ કે પૈસા) સરળતાથી ત્યાગ કરી શક્તો હોય છે. તેમ તેનું શરીર પોતાના મેલ અને વિષ્ટાનો પણ સરળતાથી ત્યાગ કરે છે. તેને કબજીયાતની ફાકીઓ લેવી પડતી નથી. તેનું પેટ સમય થાય એટલે સરળતાથી મળ છોડી દે છે.

બ્રહ્મપુરાણમાં કહેવાયું છે કે, માણસમાં બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, શાંતિ અને કીર્તિ નામના પાંચ દેવો વસે છે. જ્યારે માણસ કોઈની પાસે 'યાચના' કરે છે, કોઈની પાસે ગરજવાળો બની માંગે છે ત્યારે તેના શરીરમાંથી પાંચે દેવતાઓ તેને છોડી ચાલ્યા જાય છે.

મારી તમને ભલામણ છે કે, તમારા દ્વારે આવો કોઈપણ વ્યક્તિ કોઈપણ વેશમાં કે કોઈપણ સમયે આવીને ઊભો રહે ત્યારે તમે મહેરબાની કરીને તેને યાચના કરવાની રાહ જોશો નહિ ! તે કશુંક માંગે તે પહેલાં જ તમે તેના સગાભાઈ બની સાંત્વના આપી તેની મજબૂરીને યથાશક્તિ દૂર કરજો. થોડામાંથી થોડું પણ આપી મોકલજો. તેથી તમારામાં કંઈજ ઓછું થશે નહિ. તમે આવા ઉદાર દાતા બની પેલાને માંગવાની જરૂર નહિ પડે તેથી તે બિચારા યાચકને પાંચ પાંચ દેવોનું સાન્નિધ્ય ગુમાવવું નહિ પડે. તમે ઉદાર બનજો.



**હેમસૂત્ર** મળેલું છે તેને જોવાનું મુકી નથી મળ્યું તેને જોઈને જે બળ્યા કરે તે અસંતોષી છે. તેને ક્યારેય સુખ ન હોય. સંતોષી માત્ર મળેલાને જોઈ સંતોષ માને છે.

# 27- यतितव्यं योगसिद्धौ (20)

## યોગ સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ગતાંકથી ચાલુ...

'મન્નહ જિણાણં' સજઝાયમાં શ્રાવકને નિત્ય કરવાના ૩૬ કર્તવ્યો બતાવ્યા છે તે સિવાય પણ નિત્ય કર્તવ્યો,

જિનેન્દ્ર પૂજા, ગુરુ પર્યુપાસ્તિ, સત્ત્વાનુકંપા, શુભપાત્ર દાનં,
ગુણાનુરાગં શ્રુતિરાગમસ્ય, નૃજન્મવૃક્ષસ્ય ફલાન્યમુનિ.

પ્રભુની પૂજા, ગુરુની ઉપાસના, જીવોની અનુકંપા, શુભપાત્રોને દાન, ગુણાનુરાગ અને શ્રુતિ-એટલે જિનવાણી-શ્રવણનો રાગ આટલાં કર્તવ્યો નિત્ય કરવાના છે. જે મુનષ્ય જન્મરૂપી વૃક્ષના ફળો છે.

તે સિવાય યોગસિદ્ધિ માટે વાર્ષિક કર્તવ્યો, પર્યુષણના કર્તવ્યો વગેરે પણ લઈ શકાય. જન્મના કર્તવ્યો લઈ શકાય. ૯૯ યાત્રા સિદ્ધગિરિની, ઉપધાનતપ, સ્નાત્ર મહોત્સવો, છેલ્લે દીક્ષા ગ્રહણ કરવી તે પણ દરેક શ્રાવકનું કર્તવ્ય બને છે. સમય, સંજોગો અનુકૂળ બનતાં સંસારને ફગાવી દઈ સંયમમાર્ગના સાધક બનવું જોઈએ, જેનાથી યોગસિદ્ધિની ઝડપ તીવ્રતાથી વધે છે.



तइयस्स पुण विचितो तहुत्तर सुजोगसाहगो णेओ,
सामाइयाइ विसओ णयणिउणं भावसारो त्ति ॥२९॥

ત્રીજા નંબરના દેશચારિત્રવાન્ આત્માઓને (ઉપર કહ્યા તેવા) એવો ઉપદેશ આપવો કે તેઓ ઉપર ઉપરના ઉત્તમયોગોના સાધક બને, જેમ કે, સામાયિક આદિ ઉત્તમયોગો બતાવી તેના પાલનનો નયોની નિપૂર્ણતા પૂર્વક, એટલે કે જે પ્રકારે તે આત્માઓનું આત્મહિત થાય તે પ્રકારે ધર્મ બતાવવો, દૃષ્ટાંતો પૂર્વક સમજાવવો જોઈએ. ઉપદેશ આપનારે આવા આત્માઓને ધર્મ કે ધર્મી પ્રત્યે, દેવ-ગુરુ પ્રત્યે દ્વેષ ન જાગે તે જોવું જોઈએ. તે માટે ઉપદેશકે ખુદ પોતાના હૈયાને સંવેગ (મોક્ષની તીવ્ર અભિલાષા) નિર્વેદ (સંસારથી કંટાળો) અને સમતાદિ ભાવોથી ભરપૂર બનાવવું જોઈએ. ત્યાગી, વૈરાગી અને સંયમી બની શ્રાવકોને આદર્શરૂપ બનવું જોઈએ.

યોગમાર્ગમાં ચાલતા, યોગસિદ્ધિની ઈચ્છાવાળા આત્માઓએ શ્રાવક બન્યા પછી અર્થાત્ દેશવિરતિ ધર્મ (અણુવ્રતો આદિ) સ્વીકાર્યા પછી પોતાના જીવનમાં સદ્ધર્મને બાધા ન આવે તે રીતે પોતાની આજીવિકા મેળવવી જોઈએ. ધર્મના ભોગે સંસારના ભોગ, આવા આત્માઓ ક્યારેય ન કરે. નોકરી, જોબ, ધંધા વગેરેના સમયો અને સંજોગોને એવી રીતે મેનેજ કરવા કે નિત્ય ધર્મો કે પ્રાસંગિક (પર્યુષણાદિ) ધર્મોને મૂકી દેવાનું ન થાય. ફોરેનની ટૂરો વિગેરે પ્રવાસો દરમ્યાન પણ પોતાના નિત્ય ધર્મોને સાચવીને ચાલવું જોઈએ. શક્યતઃ ફોરેનની ટૂર કરે નહિ, ધંધા માટે જવાની જયણા રાખે.

મેં આવા આત્માઓ ને અમદાવાદના રેલ્વે સ્ટેશનો પર પ્રતિક્રમણ કરતા સાંભળ્યા છે. પ્રવાસ દરમ્યાન એવી રીતે એડઝસ્ટ કરે કે રાત્રે ક્યાંક ઉતરી જાય અને સાંજ સવારનું પ્રતિક્રમણ આદિ ધર્મો સાચવી સવારની બસ પકડે. પણ પોતાની નિત્ય ક્રિયાઓ મૂકે નહિ ! ભોજનમાં ક્યારેય કોમ્પ્રોમાઈઝ ન કરે. ખાવાનું એક ટાઈમ છોડી દે પરંતુ ભેળસેળીયું ભોજન ન કરે. ક્યારેય હૉટલો કે અભક્ષ્ય પદાર્થોનો આશરો ન લે. પર્વતિથિઓ સાચવે, ઘરમાં જ લગ્નાદિ પ્રસંગો હોય છતાં ઔચિત્ય પૂર્વક ધર્મને બાધા ન આવે તેમ પોતાનું શીડ્યુલ બનાવે. આવી નિર્મળ પરિણતિથી યોગ સિદ્ધિ નજીક આવે છે.

આવા આત્માઓ આજીવિકા દ્વારા જે ધન કમાય, તે ધનનો સદ્વ્યય કરે. દુર્વ્યય ક્યારેય ન કરે. સુવિશુદ્ધ દાન કરે. ત્રીજા નંબરે પરમાત્માની પૂજા નિત્ય કરે. વિધિપૂર્વક ભોજન કરે. (એટલે કે સુપાત્રદાન આપીને કે અતિથિને ભોજન આપીને ભોજન કરે, આશ્રીતો સાથે મળી ભોજન ક ર ે ,સાધર્મિકભક્તિપૂર્વક કરે, વડીલોને જમાડી જમે, અનુકંપા કરી જમે વગેરે વિધિ સમજવી. વળી સંધ્યાકાળે પ્રતિક્રમણ આદિ જે નિયમો હોય તે સાચવે. છેલ્લે સૂતી વખતે યોગધર્મનું સ્મરણ કરે. એટલે દિવસ દરમ્યાન થયેલા દોષોની ક્ષમા યાચના કરે, સંસારની અસારતા વગેરે વિચારે, આ રીતે ધર્મોપદેશ આપી શ્રાવકોને આગળ વધારવા પ્રયત્ન ઉપદેશકે કરવો જોઈએ.

ત્યારબાદ યોગના ચોથા નંબરના અધિકારી છે, સર્વવિરતિધરો, એટલે કે જેઓએ આજીવન પાપ ન કરવાની પ્રતિજ્ઞાઓ કરી છે તેવા સાધુ-સાધ્વીજી ભગવંતો છે. જેઓ મહાવ્રતોનું સૂક્ષ્મપણે પાલન કરે છે. સ્થાવરજીવો (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ)ની પણ રક્ષા કરે છે. હિંસાનો વિચાર પણ કરતા નથી. આવા યોગના અધિકારી જીવોની વાત કરી.

યોગશુદ્ધિનો એક બીજો પણ અર્થ છે, કાયાને પાપ થવાથી બચાવવી, વચનને પાપ ભાષાથી બચાવવું તથા મનને અશુભ

ચિંતવનથી બચાવી ત્રણેને શુભમાં પ્રવર્તન કરાવી ત્રણેની શુદ્ધિ કરવી તે પણ યોગસિદ્ધિ છે.

બીજાને ઉપદેશ આપનાર, શિક્ષણ આપનાર, ઉપદેશકે ખુદ સંયમી પવિત્ર બનવું જરૂરી છે, તે વાત કહી. વક્તા જે બોલે છે, તે, તેના જીવનમાં સાંભળનાર વ્યક્તિ જો જુએ નહિ તો અધર્મ પામવાની પણ સંભાવના વધુ છે. લખ્યું છે, 'પ્રાયશો ભાવાદ્ ભાવ:પ્રસૂતે' ઘણું કરીને વક્તાના ભાવમાંથી જ સાંભળનારના ભાવો ઉત્પન્ન થાય છે.

આ વાત તમારા શિક્ષણ ક્ષેત્રમાં પણ લાગુ પડે છે. તમારા બાળકો જે સ્કૂલ-કૉલેજમાં ભણે છે, તેમને ભણાવનાર મોટાભાગે નાસ્તિક અને મિથ્યાત્વી છે. બાળકો તેમની પાસે ભણી જ્ઞાનની સાથે શિક્ષકના અંદરના ભાવો પણ પોતાના અંતરમાં ગ્રહણ કરે છે. એટલે દસ-બાર વર્ષમાં ભણીને બાળકો મિથ્યાત્વ વાસિત બુદ્ધિવાળા બને છે. પછી તેઓને ધર્મની કોઈ વાતો અંતરમાં રૂચતિ નથી હોતી. મા-બાપ ધાર્મિક હોવા છતાં તેઓ પોતાના સંતાનોને ધર્મમાં જોડી શક્તા નથી.

મયણાને ભણાવનાર પંડિત સુબુદ્ધિ પાઠક સમકિતી હતો જ્યારે સૂરસુંદરીને ભણાવનાર વેદશાસ્ત્રી શિવભૂતિ શૈવપંથી હતો. બન્ને પાસે બન્ને દિકરીઓ ભણીને તૈયાર થઈ છે. છતાં રાજાના એક જ પ્રશ્નનો જવાબ જુદો જુદો કેમ આવ્યો ? રાજાએ પૂછ્યું, હે કુંવરી ! બોલ પુણ્યથી શું મળે ? ત્યારે સુરસુંદરી કહે છે, "ચિત્ત ચાતુરી રે, ધન, યૌવન શ્રેષ્ઠ દેહ અને મનવલ્લભ મેળાવડો (પતિ) પુણ્યે પામીજે એહ" માત્ર ભૌતિક સુખોની વાત!

તે જ પ્રશ્ન મયણાને પૂછતાં કહે છે, વિનય, વિવેક, પ્રસન્ન મન, શીલથી નિર્મળ દેહ, પરમપથનું મિલન પુણ્યથી મળે ! છે ને જવાબ ! આ જવાબ ભણાવનાર સુબુદ્ધિશાસ્ત્રીના હૃદયમાં પડેલા શુભ ભાવો તેનામાં ટ્રાન્સફર થવાથી નીકળ્યો છે. જ્યારે સુરસુંદરીનો જવાબ વેદશાસ્ત્રીના હૃદયમાં ભરેલા મિથ્યા-ભૌતિક ભાવો, ભોગવિલાસના ભાવો ટ્રાન્સફર થવાથી નીકળ્યો છે. તેમ કહેવું ખોટું નથી. આવા સંશોધનો અત્યારે સાયન્સમાં સાચાં ઠર્યા છે.

તમે વિચારો આધુનિક શિક્ષણ લેવાથી જૈન બાળક, બાળિકાઓ ધર્મથી પતન પામી જાય તેવા ભાવોને મજેથી પી રહ્યા છે અને તમે શિક્ષણની આંધળી દોટ સાથે નાસ્તિક ભાવોને પણ ખરીદી લેવા, લાખો રૂપિયા ટ્યુશનો અને કૉલેજોમાં હોંશે હોંશે ખર્ચી ફાધરોને પોતાના બાળકોને સોંપી રહ્યા છો !

ઈંગ્લીશમાં ફટાફટ બોલતા તમારા સંતાનોને જોઈ તમે હરખાઈ રહ્યા છો. અમે તત્ત્વને જાણીએ છીએ અને સળગી જઈએ છીએ કે, પ્રભુના શાસનની આવતી કાલ કેવી હશે ? પ્રભુની પેઢી કોણ સંભાળશે ? ભગવાન બચાવે ! ઈંગ્લીશ મીડીયમમાં તૈયાર થયેલી આવતી પેઢી માટે જ્ઞાન ભંડારો, શાસ્ત્રો અને સાહિત્ય યુઝલેસ બની જશે ! તેને કોણ વાંચશે. તેનો વારસો કોણ ચલાવશે ? તમારા બાળકોની પ્લીઝ ઉપેક્ષા ન કરશો. પ્રભુના શાસનના વારસદારો જો તમારા ઘરમાં જન્મી ચૂક્યા છે તો તમારી ફરજ થાય છે કે બાળકોની યોગ્યતા આવતાં જ પ્રભુના શાસનની વાતો નાનપણથી જ તેઓના અંતરમાં નાખતા રહેવું જોઈએ. આચારો, જૈન સંસ્કારો તેઓ ગળથુંથીમાં જ આપવાનું ધ્યાન રાખવું જોઈએ. તેના સાચા મા-બાપ બની પ્રભુના શાસનના પરમ ઉપાસક તેમને બનાવો. તે તમારી પરમ ફરજ છે - કર્તવ્ય છે અને તેમાં જ તમારું પણ કલ્યાણ છે.

૧લા ધોરણથી લઈ છેક ઊંચી ડીગ્રીઓ સુધી અપાતું જ્ઞાન જેમ બધું જ શિક્ષણ કહેવાય છે. તેમ અપુનર્બંધક અવસ્થાથી લઈ છેક કેવળજ્ઞાન સુધીની સાધના-આરાધના કે ધર્મ પ્રવૃત્તિને યોગસાધના કહેવાય છે. આ યોગસાધના સર્વજ્ઞ વિતરાગ એવા તીર્થંકર પરમાત્માએ બતાવી છે. જેઓ ખુદ તે માર્ગ ઉપર ચાલી યોગસિદ્ધિ મેળવી ચૂક્યા છે. તે માર્ગ આપણા સહુના કલ્યાણ માટે મૂકી ગયા છે.

જે ધોરણમાં જે જીવો હોય છે, તેમની ભૂમિકાને યોગ્ય અભ્યાસક્રમ ગોઠવાયેલો હોય છે. તેમ યોગસાધના પણ ભૂમિકાને યોગ્ય કહેલી છે. ઉપર ઉપરની કક્ષાએ આ યોગાભ્યાસ સૂક્ષ્મ અને ગહન બનતો જાય છે. એટલે આ વિષયમાં કદાચ કેટલીક વાતો તમારા માઈંડમાં ન પણ બેસે ! પરંતુ તમે આ વાતોને જાણકાર પાસે સમજીને જરૂરથી બેસાડજો કારણ આ અભ્યાસ જ તમને યોગસિદ્ધિ સુધી લઈ જશે.

મિથ્યાત્વથી ઉઠાવી સમ્યક્ત્વ આપી વૈરાગ્ય પેદા કરાવી વિતરાગદશા સુધી પહોંચાડનાર આ યોગ છે અને યોગાભ્યાસ છે, યોગસાધના છે, તે જિનદર્શનમાં ખૂબ જ સૂક્ષ્મપણે વ્યવસ્થિત ગોઠવાયેલો છે. જે આ યોગને પકડી રાખે છે, તે જીવો યોગસિદ્ધિ સુધી પહોંચી જાય છે. જે છોડી છે, તેઓ અધવચ્ચે જ પાછા સંસારના ચક્કરોમાં પડી જાય છે.

સિદ્ધાંત દિવાકર મૂર્ધન્યગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ સુવિશાલ ગચ્છાધિપતિ **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા પાસેથી વાચના રૂપે સાંભળેલી યોગસાધનાની કેટલીક વાતો અહીં લખી છે. તે મહાપુરુષની પ્રજ્ઞા, તેઓશ્રીના જ્ઞાનની ઊંડાઈ, તેઓશ્રીની આંતરસૂઝ, ગીતાર્થતા, પ્રભુના વચનોને કાળસાપેક્ષ મૂલવવાની પ્રજ્ઞા, સાથે ભદ્રિક્તા, વાત્સલ્ય, સાધુ પ્રત્યેની વિશિષ્ટ લાગણી આદિ અનેક ગુણોથી તેઓશ્રીની વાણી પણ અલંકૃત અને આદરણીય, ઉપાસનીય અને જીવનમાં ઉતરાવવા યોગ્ય બની છે.

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

# એ ગુરુદેવ !



લિ. ભરત વર્ધા

પૂ.ગુરુદેવ આ. **હેમરત્નસૂરીશ્વરજી મહારાજાએ** એક અનુપમ જિનપ્રતિમાનું નિર્માણ કરાવ્યું. એની પાછળ તેઓશ્રીની પ્રભુ પ્રત્યેની ભક્તિ, તેઓશ્રીની કલ્પનામાં જેવી પ્રભુજીની મહાનતા હતી તે બધીય પ્રતિમામાં ઉતરાવી હતી. તે માટે તેઓનો ખંત, મૂર્તિનો અભ્યાસ, ચોક્કસાઈ, થાક્યા વિના સતત કામ... અહાહા કેટલી વિશેષતાઓ કહું ! માટે તો આદિનાથ દાદા સહુને ગમે છે.

પ્રભુને પંચધાતુમાં ભરાવવાના હતા. મુંબઈ આસપાસ કેટલીક પીત્તળ બનાવતી ફેક્ટરીઓ મળી. પરંતુ તેઓ પીત્તળના વાસણ બનાવતા હતા. તેમની પાસે ૫૦૦ કિલોથી વધુ પીત્તળ ઓગાળવાની મશીનરીઓ ન હતી. આદિનાથ દાદાની ઢલાઈ માટે તો ૬ ટન ઓગળેલું પીત્તળ જોઈતું હતું. એટલે એવી કોઈ ફેક્ટરી જડતી ન હતી. સાહેબજીને રોજ રોજ માહિતી આપતો રહેતો. સાહેબજી એક વાત કરતા, ‘‘હજી તપાસ કર !’’

હું ખરેખર ખૂબ નિરાશ થઈ ગયો હતો. થાકી ગયો હતો. મને તેઓ નિરાશાથી બચાવવા કહેતા, ભરત કંઈક ખૂટે છે, મહેનત કર, જાતે કર, જલદી કર અને પૂરું કર !

રોજ નવા જોમ સાથે નવી મહેનત કરતો. ટેલીફોન ડીરેક્ટરી લઈ અલગ અલગ નોન ફેરસનું કામ કરતા લોકોને ફોન ઘૂમાવતો, પૂછતો ને સંપર્ક માટે આજીજી કરતો. એવામાં એક ભાઈએ મને અંબરનાથની ડિફેંસ ફેક્ટરીનો સંપર્ક આપ્યો. ત્યાં ભારત સરકારની મિલિટરી માટે કારતૂસ બનાવવાની ફેક્ટરી હતી. મેનેજરનો સંપર્ક કર્યો. મને એપોઈંટમેન્ટ મળી ગઈ. સાહેબના આશીર્વાદ લઈ ઑફિસમાં હાજર થયો.

મેનેજર આગળ માનસમંદિરમ્ તીર્થના આ પવિત્ર કાર્યનું પ્રસ્તુતિકરણ કર્યું. એમને લગભગ ૨ કલાકની વાતચીતમાં મેં આપણા પ્રતિમાજી માટે ઢલાઈ કરવા રાજી કરી દીધા. ત્યાંના મેનેજમેન્ટ માટે એક અનોખુ કાર્ય હતું. મેનેજર એક અજૈન હોવા છતાં મને પહેલીવાર ધર્મશ્રદ્ધા અને જૈનો પ્રત્યેનો આદરભાવ તેમનામાં જોવા મળ્યો. સહુ આ કાર્ય કરવા માટે રાજી હતા. મેનેજમેંટે માત્ર એક શરત મૂકી કે ત્યાં બનેલી પ્રતિમા ઉપર ભારત સરકારનો સીમ્બોલ આવશે. જેમાં અશોકચક્ર અને ફેક્ટરીનું ચિહ્ન ઉપસાવવામાં આવશે. મેં તો વગર વિચારે હા પાડી દીધી અને કામ થઈ ગયાના સમાચાર પહોંચાડવા તરત જ શહાપુર પહોંચી ગયો. લાગ્યું કે મારી મહેનતનો અંત આવી ગયો.

હોંશે હોંશે સાહેબને ગર્વ સાથે કહ્યું, સાહેબજી આપણું કામ થઈ ગયું. મહેનત લેખે લાગી, આપણા દાદા અંબરનાથમાં અવતરિત થશે. મારું મસ્તક સાહેબના ચરણમાં હતું. મને હતું કે હમણાં સાહેબનો જોરથી પીઠ ઉપર ધબ્બો પડશે. પણ તેવું ના થયું. સાહેબે સ્મિત કરી પૂછ્યું કે, શું નક્કી થયું તે તો જણાવ !

સાહેબને માંડીને વાત કહી, સાહેબ ખુશ થતા ગયા પણ પેલા સિમ્બોલની વાત આવતાં જ સાહેબ નિરાશ થયા. સાહેબની ઉત્કંઠા શાંત પડી ગઈ. આરામથી પાટ ઉપર બેસી ગયા.

ભરત ! તેં મહેનત તો ઘણી કરી પણ ! એક તો કારતૂસ બનાવતી કંપની એટલે હિંસાના શસ્ત્રો બનાવતી ફેક્ટરીમાં આપણા દાદાની ઢલાઈ કરવાની ! ઉપરાંત પ્રતિમા ઉપર ભારત સરકારની માલિકી લાગે તેનો સિમ્બોલ લાગે ! આ તે કેમ ચાલે ? ભરત ! હજુ પુણ્ય કાચું પડે છે. તેમની આંખો ભીની થઈ. મારો તો જાણે ફ્યુઝ જ ઉડી ગયો. સાહેબે પ્રપોઝલની ઘસીને ના પાડી દીધી.

મને પણ રોશ આવી ગયો. પણ મૌન રહ્યો. મારી મહેનત ઉપર પાણી ફરવાનું છે. અંદરમાં ફરી અહંકારે માથું ઉચક્યું. નિરાશા ફરી વળી. કંઈક બોલવા જતો હતો પણ મર્યાદામાં રહ્યો. શાંત રહ્યો. હા ! અંદર નિર્ધાર થઈ ગયો કે હવે મારાથી વધારે મહેનત નહીં થાય.

સાહેબને મેં સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, સાહેબ હવે હું ખરેખર થાકી ગયો છું. મારાથી આ કાર્ય હવે થશે નહીં. હું આથી વધુ મહેનત કરવા અને ફેક્ટરીઓ ગોતવા સક્ષમ નથી કંઈક બીજું વિચારો.

સાહેબે કહ્યું, ભરત ! આજ હવે કોઈ વાત કરવી નથી, જા આવતી કાલે આવજે ! કહી કામળીના બે છેડા પકડી, ઓઢી, પાટ પર સૂઈ ગયા. હું ઘરે રવાના થયો.

બે દિવસ વીતી ગયા. મને હતું સાહેબ રાહ જોશે. સાહેબને પણ હતું કે ભરત આવશે. પણ જાણે ત્યાં જવા પગ ઉપડતા ન હતા. જઈને શું કરીશ. સાહેબની એની એ વાત હશે, મહેનત કર !

ત્રીજા દિવસે સાહેબનો ફોન આવ્યો. તને આવવાનું કહ્યું હતું તું કેમ ન આવ્યો ? જરા કામમાં ભૂલાઈ ગયું. કહેજો સાહેબને કે ભરત આવશે. જવાનું મન ન હતું. પણ ફોન આવ્યો એટલે આંટો મારવા નીકળી ગયો. બનાવટી સ્મિત લઈ સાહેબ પાસે બેઠો. સાહેબ માનવના મનના અચ્છા પારખું હતા. ભરત જેવા ઘણાને ખીસામાં રાખે તેવા હતા. પણ આજે તેઓની સામે ભરત હતો. ભક્ત ન હતો.

સાહેબે પ્રેમના રેપરથી વીંટેલો ઠપકો આપ્યો. ભરત ! માણસની કસોટી અઘરા કામમાં જ થાય છે.કામઅઘરું છે પણ તારા માટે અશક્ય નથી. મારી પાસે બીજા ઘણા છે. પણ ભરત તો તું એકલો જ છે !

ક્રમશઃ

# આતમ ઝંખે છૂટકારો...3



## દાનં-શીલં-તવો ય ભાવો ય - સુપાત્રદાન

**आयासशतलब्धस्य प्राणेभ्योऽपि गरीयसः**

**दानमेवेव वित्तस्य गतिरन्या विपत्तयः ।**

સેંકડો પ્રયત્નથી મેળવેલ અને પોતાના પ્રાણથીય અધિક એવા ધનની 'દાન'એ જ એક ગતિ છે. એટલે કે ધનને દાનના માર્ગે વાપરવું તે જ સાચો ઉપયોગ છે. બાકીની ગતિ વિપત્તિઓ રૂપ જ છે. સાધર્મિકભાઈ તે સુપાત્ર છે. (જઘન્ય) તેવી ભક્તિ કરવી જોઈએ. આચારોપદેશમાં કહ્યું,

**निदानं सर्व सौख्यानामन्नदानं विभावयन्**

**सार्धर्मिकाणां वात्सल्यं कुर्याच्छक्त्या समाः प्रति ।**

સર્વસુખોનું કારણ હોય તો તે અન્નદાન છે. આવું વિચિરતા શ્રાવકે દરવર્ષે શક્તિ મુજબ સાધર્મિક વાત્સલ્ય કરવું જોઈએ. આ પણ એક જાતની બળવાન એફ.ડી. છે. અત્યારે પ્રભુકૃપાથી મળ્યું છે તો પરલોકમાં પણ વધારે સારી ક્વોલિટીનું મળે તેના માટે એફ.ડી. કરતા જાઓ. અહીં કરેલી સંપત્તિની એફ.ડી. પરભવમાં સાથે નહિ આવે. તમે ચાલ્યા જશો બેંકોમાં એફ.ડી. રહી જશે. તે તમારા નવા ભવમાં ટ્રાન્સફર નહીં થાય ! એના માટે એક જ ઉપાય છે સંપત્તિનું દાન કરો. સાત ક્ષેત્રોમાં કરો. નવા ભવમાં આ એફ.ડી. અનેક ઘણી થઈને મળશે.



એક રબારીના ગરીબ છોકરાએ માસક્ષમણ તપ તપતા મુનિને માત્ર ખીરનું દાન કર્યું અને એવી એફ.ડી. કરી કે નવા ભવમાં ગરીબમાંથી સીધો ધનકુબેર શાલિભદ્ર બની ગયો, માટે જરા સમજો મારી પાસે, "આપવા જેટલું નથી" આવું ના બોલો.

**देवं स्तोकादपि स्तोकं न व्यपेक्षो महोदयः ।**

**इच्छानुरुपो विभवः कदा कस्य भविष्यति ? ॥**

ફુલ નહિ તો ફુલની પાંખડી આપો. થોડામાંથી પણ થોડું આપવાની ટેવ પાડો. એવું ન વિચારો કે જ્યારે કરોડપતિ થઈશ પછી આપીશ અથવા મારો એવો સમય આવશે ત્યારે આપીશ ! કારણ કે, તમારી ઈચ્છાનુરૂપ વૈભવ તો ક્યારે મળશે તે નક્કી નથી. કોને ક્યારે વૈભવની પ્રાપ્તિ થાય તે કહેવાય એવું નથી. તો આપ્યા વિના જ રવાના શું કામ થવું ! પ્રભુએ જે આપ્યું છે તેમાંથી થોડુંક આપવાથી અંતરાયો તૂટશે અને કાલે બધું સારું થઈ જશે. ભીમા કુંડલિયાએ શું વિચારેલું ? અને છતાં ભક્તિભાવથી અલ્પ પણ આપ્યું તો પરિણામ શું આવ્યું તે જાણો છો ને ?

"મધ્યમ સુપાત્ર" દેશવિરતિ પાળવાવાળા છે. કેટલીક સંસ્થાઓ આવા દેશવિરતિધરોના બહુમાન કરી પહેરામણી આપે છે. બ્રહ્મચર્યવ્રત પાળનારાઓનું બહુમાન કરી જગતમાં વ્રતનો મહિમા વધારે છે. અણુવ્રતને પાળનારા સાધુ જેવા માન્યા છે. આવા સત્પાત્ર જીવોને ધાર્મિક ઉપકરણો આપવા દ્વારા, આજીવિકા આપવા દ્વારા કે કોઈપણ રીતે ધર્મની આરાધના સારી રીતે કરી શકે તેના માટે સહાયક થવું જોઈએ. તેનાથી ઘણો લાભ છે.

શ્રી ભગવતીસૂત્રમાં ભગવાન ગૌતમસ્વામી પરમગુરુ પરમાત્મા મહાવીરદેવને પ્રશ્ન કરે છે, હે ભંતે ! માણસ દીર્ઘ આયુષ્ય કેવી રીતે બાંધે છે ? ભગવાન જવાબ આપે છે, હે ગૌતમ! જે આત્માઓ કોઈપણ પ્રાણીની હિંસા કરતા નથી, જે ક્યારેય જુઠું બોલતા નથી. જેઓ શુદ્ધ ચારિત્ર પાળે છે. તેવા સંયમી સાધુને તથા શ્રાવકને જે પ્રાસુક અને એષણીય (નિર્દોષ-કલ્પ્ય શુદ્ધ આહાર) અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એવા ચારે આહાર ભક્તિપૂર્વક આપે છે તેવા જીવો દીર્ઘ આયુષ્ય બાંધે છે એટલે **સુપાત્રદાન તે દીર્ઘ આયુષ્યનું કારણ છે.**

સાધુ-સાધ્વી ભગવંતોને મુખ્ય માર્ગે નિર્દોષ આહારનું દાન કહ્યું છે. તેનાથી આપનાર-લેનાર બન્નેને લાભ થાય છે. પરંતુ તેઓની સંયમવૃદ્ધિ, ગ્લાનત્વાદિના કારણે અપવાદ માર્ગે વિવેકપૂર્વક દોષિત આહારાદિનું દાન પણ દાન કહેવાયું છે.

મુગ્ધ જીવોને દોષિત શું અને નિર્દોષ શું ? એવો વિવેક ન હોય છતાં માત્ર સારા ભાવથી સાધુને કદાચ અશુદ્ધ આહારાદિનું દાન કરે, તો પણ નિર્જરાનું કારણ કહ્યું છે. જો કે અલ્પ કર્મબંધ થાય છે, પણ લાભ વધારે થાય છે.

અસંયમીને સુસંયમીની બુદ્ધિથી અપાયેલું દાન કર્મબંધ કરાવે છે. તેમ સુસંયમીને અસંયમી સમજી અનુકંપા બુદ્ધિથી દાન આપે તો પણ કર્મબંધ થાય છે.

જૈનોમાં પણ એવો એક વર્ગ છે જે પોતાને જ સુસંયમી માને છે અને પોતાની માન્યતા પ્રમાણે જે ન હોય તેવા બધાને અસંયમી માને છે. આવા ભ્રમથી ભરેલા તેમના શ્રાવકો પણ પોતાની માન્યતાવાળા સાધુઓને સુપાત્રદાન કરે છે. પરંતુ બાકીના સાધુઓને આપવું પડે તો તેમના ગુરુઓ તેઓને, "અનુકંપાથી દાન કરવું" આવું, ભરમાવી બિચારાઓને સુપાત્રદાનના લાભથી વંચિત રાખે છે. આ પણ કર્મબંધનું કારણ છે. સુસંયમી અને અસંયમી કોણ ? તેનું પ્રમાણપત્ર પોતે જ આપે છે. તે વખતે શાસ્ત્રની વાતોને મારી મચડી પોતાના મત પ્રમાણે કરે છે. આ પણ એક પ્રકારનો દૃષ્ટિરાગ જ સમજવો. દૃષ્ટિરાગ બધા કરતાં

ભયંકર છે.

શાસ્ત્રોમાં આવા સુપાત્રદાનથી કેવા કેવા લાભો જીવો પામ્યા તેના ઘણા દૃષ્ટાંતો આપ્યા છે. તે વાંચશો તો તમને સુપાત્રદાનનો મહિમા સમજાશે.

દાનોપદેશમાલામાં આપેલાં પાંચ પ્રકારના દાન પૈકી સત્પાત્રદાન મુખ્ય કહ્યું છે. પ્રથમતીર્થંકર ભગવાન ઋષભદેવે ધનસાર્થવાહના ભવમાં સાધુને ઘીનું દાન કર્યું. તેના પ્રભાવે વરબોધિબીજ પોતાના અંતરમાં વાવ્યું. એટલે કે તેઓના આત્માને સમકિત મળ્યું. સામાન્ય રીતે ભવની ગણત્રી સમકિત થાય ત્યારથી થાય છે. એટલે સમકિત મળવાનું ભવચક્રમાં એક અતિ અતિ મહત્ત્વની ઘટનાનું કારણ આવું સુપાત્રદાન બને છે. વિચારો તેનું મહત્ત્વ કેટલું ? શાસ્ત્રકાર ભગવંતોના મનમાં પણ સુપાત્રદાન અતિ મહત્ત્વરૂપે બેઠું છે.

સુપાત્રદાન એ ખરેખર સંસારસાગર તરવાની ઉત્તમ નાવ છે. તેના વડે સુખેથી સંસાર તરી શકાય છે. સંગમે ખીરનું દાન કરી પોતાની સદ્ગતિ બુક કરી, નયસારે મુનિઓને અટવીમાં આહારનું દાન કરી સમકિત મેળવી ૨૪મા તીર્થંકર બન્યા.

રેવતી શ્રાવિકાએ મુનિને ઔષધનું દાન કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. આવા તો અનેક દાખલા મળશે. મમ્મણ શ્રેષ્ઠિએ પૂર્વભવમાં મુનિને લાડુ વહોરાવી પ્રચંડ પુણ્ય અર્જીત કર્યું. તેની તેવી ભવિતવ્યતાના કારણે પાછળથી પછતાવો કરી લાભને નુકશાનમાં ફેરવી નાંખ્યો.

સાધુને દાન આપવાના આઠ પ્રકાર બતાવ્યા છે.

**(૧) વસતિનું દાન :** એટલે કે સાધુ-સાધ્વીને રહેવા સ્થાન આપવું. વસતિ એટલે ઉપાશ્રય. પૂર્વે શ્રેષ્ઠિઓ પોતાના બંગલા કે મોટા ઘરોમાં પૌષધશાળા રાખતા. તેમાં તેઓ સ્વયં સામાયિક-પૌષધ વગેરે આરાધના કરતાં અને સાધુ-સાધ્વી પધારે તો ત્યાં આશ્રય આપતા. અરે તેમને સુપાત્રદાનનો લાભ મળે તે માટે સુખી સંપન્ન શ્રેષ્ઠિઓ પોતાના આવાસોમાં ગૃહજિનાલયો કરતાં. જેથી ચૈત્યપરિપાટી કરવા આવતા સાધુ-સાધ્વીજીને સુપાત્રદાનનો લાભ મળે ! એટલે દેવ-ગુરુના સંયોગ વિના તેઓને પોતાનું જીવન અધુરું લાગતું. પ્રભુ કૃપા સે ગુરુ મિલે, ગુરુ કૃપા સે પ્રભુ મિલે. આ બન્ને મળે તો જીવનમાં મેળ મળે !

વસતિ આપનાર શય્યાતર કહેવાય છે. આવો શય્યાતર શય્યાનું દાન કરી તરી જાય છે. બધા જ પ્રકારના દાનનું અંતિમ ફળ તો મોક્ષ છે, સંસારનો નિસ્તાર છે, જીવનનું પારમાર્થિક કલ્યાણ છે.

**(૨) શયનનું દાન :** શયન એટલે સુવા માટે સંથારો, ઉપાશ્રયમાં પાટ વગેરેનું દાન કરવું તે. **(૩) આસનનું દાન :** બેસવા માટે ઉનના આસનનું દાન કરવું તે આસનદાન. **(૪) ભક્ત દાન :** એટલે આહારદાન, **તે આઠે દાનોમાં મુખ્ય છે અન્નદાનની પ્રધાનતા છે**, તેની જરૂરીયાત રોજની છે, જે સાધના કરવા શરીર ટકાવવા જરૂરી ટેકો છે.

**(૫) પાન (પાણી)નું દાન :** જૈન સાધુઓને નિર્દોષ પ્રાસુક પાણીનું દાન પણ આહારદાન જેટલું જ મહત્ત્વનું છે. વર્તમાનમાં મુનિઓને આહાર નિર્દોષ મળે છે. પરંતુ ત્રણ ઉકાળાવાળું ઉકાળેલું પાણી મળવું ઘણું મુશ્કેલ છે. જે ઘરોમાં તપ ચાલતો હોય, વર્ષીતપ, ઓળી જેવા તપો ચાલતા હોય ત્યાં ઉકાળેલું પાણી મળે છે. તે સિવાય મોટાભાગના ઘરોમાં ઉકાળેલું પાણી પીવાવાળા હોતા નથી. તેથી મોટાભાગે અત્યારે સંઘોમાં જ યોગ્ય જગ્યાએ પાણી ઉકાળવાની વ્યવસ્થા હોય છે. આ પાણી સાધુઓ માટે જ ઉકાળવામાં આવતું હોવાથી સાધુ માટે દોષિત થાય છે. પરંતુ નિર્દોષ પાણી તપાસ કરતાં મળે જ નહિ, ત્યારે તેમણે આવા પાણીનો અપવાદ માર્ગે ઉપયોગ કરવો પડે છે.

શ્રાવકોએ જ્યાં મહાત્માઓ રહ્યા હોય ત્યાં પોતાના તમામ ઘરોમાં એવા આયોજનો કરવા જોઈએ કે મુનિઓને ખપ પૂરતું પાણી નિર્દોષ મળી શકે. ઘરના બધા જ ઉકાળેલું પાણી પીતા હોય તો સાધુને પાણી પૂરતા પ્રમાણમાં નિર્દોષ મળવાની સંભાવના રહે. આવો લાભ નાનો સુનો નથી. પરંતુ શ્રાવકોમાં આવી જાગૃતિનો અભાવ છે.

આયંબિલ ખાતાઓ કે ઉપાશ્રયોમાં પાણી ઉકાળવા માણસ રાખેલો હોય છે. આ માણસને સંઘે સાધુના આચારોનું જ્ઞાન આપી તૈયાર કરવો જોઈએ જેથી તે પાણી ગળીને લે, ઉકાળવાનું તપેલું જયણાપૂર્વક શુદ્ધ કરે, ગેસ વગેરે પૂંજીને પાણી મૂકે. પાણીના ૩ ઉકાળા થાય પછી જ સૂર્યોદય થઈ ગયો હોય, પછી ગેસ બંધ કરે. જેથી સૂર્યોદય પૂર્વે ઉકાળવાથી લાગતો રાત્રિભોજનનો દોષ ન લાગે.

ચોમાસામાં પાણીના બે કાળ હોય છે. એટલે કે ૧ વાર ઉકાળેલું પાણી લગભગ ૯ કલાક જ ચાલે છે. પછી તે સચિત્ત બની જાય છે. એટલે કે ચોમાસામાં પાણીનો કાળ ૩ પ્રહરનો હોવાથી લગભગ ૯ કલાક પછી પાણીને વાપરી દેવાનું હોય છે. એટલે માણસ સવારે ઉકાળેલા પાણીનો સમય પૂરો થાય પછી તેની વ્યવસ્થા કરે. ઘડા ભરેલા હોય તો ખાલી કરી સૂકવવા મૂકે વગેરે જયણા ખૂબ જરૂરી છે.

બીજા કાળનું પાણી ૧૦ વાગે લગભગ ઉકાળવા મૂકી તેને જુદા વાસણમાં રાખે. આગળના ભીના ઘડામાં ભરે નહિ અને સૂર્યાસ્ત થતાં પાણી કાઢી નાંખવાની વ્યવસ્થા કરે. આ બધુ સચવાય તો જયણા સચવાય તો ધર્મ થાય. જો આની ઉપેક્ષા થાય તો ધર્મની જગ્યાએ અધર્મ થવાનો સંભવ થાય.

અનુસંધાન પાના નં.૧૦ ઉપર

## માનસ ઈવેન્ટ્સ

શ્રી શત્રુંજયતીર્થધામ-ભુવનભાનુ માનસમંદિર તીર્થે પરમગુરુદેવ વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી **ભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજા**નું ગુરુમંદિરનું પહાડ ઉપર નિર્માણ થઈ રહ્યું છે. તેમાં -

ભૂમિખનન પોષ વદ-૨, તા.૨૦-૧-૨૨, ગુરુવારે તથા શિલાસ્થાપન પોષ વદ-૩, શુક્રવાર, તા.૨૧-૧-૨૨ના રોજ પૂ.આ.શ્રી **વરબોધિસૂરીશ્વરજી** મહારાજા તથા પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી **કુલબોધિસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં ઉછામણી બોલી, ગુરુમંદિરના લાભાર્થી સદ્‌ગત **શ્રી પ્રકાશભાઈ** નડિયાદવાળાના કુટુંબીજનો સહિત લાભાર્થી પરિવારો તરફથી કરવામાં આવશે. ઉછામણીમાં લાભ લેવા ઈચ્છનાર ભાગ્યશાળીએ તીર્થમાં **શ્રી સમીરભાઈ ઝવેરી**નો સંપર્ક કરવો.

❖ વર્તમાન પરિસ્થિતિમાં સરકારશ્રીની ગાઈડ લાઈન અનુસારે તીર્થમાં છ'ગાઉ યાત્રા 'ફાગણફેરી'નું આયોજન કરવામાં આવશે. પાલના લાભાર્થી પરિવારોએ સંપર્ક કરવો.

❖ દાદા આદિનાથ ભગવાનના જન્મ કલ્યાણક દિન ફાગણ વદ-૮, શુક્રવાર, તા.૨૫-૩-૨૨ના દિને તમામ જિનાલયોમાં પ્રભુજીને ૧૮ અભિષેકનું આયોજન કરવામાં આવશે.

❖ અખાત્રિજના દિને તીર્થમાં વર્ષીતપના સામૂહિક પારણાનું આયોજન દર વર્ષની જેમ કરવામાં આવશે. તપસ્વીઓએ પોતાના નામ તીર્થમાં નોંધાવી દેવા વિનંતી.

❖ વૈશાખ સુદ-૬, શનિવાર, તા.૭-૫-૨૨ના રોજ ગુરુમંદિરની પ્રતિષ્ઠા તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩મી પુણ્યતિથિ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન.

❖ વૈશાખ સુદ-૧૧, ગુરુવાર, તા.૧૨-૫-૨૨ના રોજ તીર્થના બાર જિનાલયોની વર્ષગાંઠ-ધ્વજારોહણ ઉત્સવ. ધ્વજાના લાભાર્થી પરિવારોને પધારવા સહર્ષ આમંત્રણ.

ઉપરોક્ત પ્રસંગો સરકારની ગાઈડલાઈન અનુસારે કરવામાં આવશે.

### હું દરિયો બની જાઉં નદીનો...

સરિતા રૂપી મારી ચેતના, અહંકારરૂપી ઊંચા પહાડને છોડ્યા પછી વહેતી વહેતી પરમ ચેતનારૂપી મહાસાગર સુધી પહોંચી ગઈ, સમગ્ર અસ્તિત્વને સમર્પિત કરી ભળી ગઈ સાગરમાં, બની ગઈ પરમ ચેતના...

અખૂટ... અમાય... અગાધ...

પરમ... સાગર...

અનુસંધાન પાના નં.૮ ઉપરથી

પાણીને અચિત્ત કરવાના બીજા પણ ઉપાયો છે. જરૂર પડે સાધુઓ તેનો પણ ઉપાય કરે છે. પણ તેની વાત અહિં નથી કરતા. અત્યારે વહેવાર ઉકાળેલા પાણીનો ચાલે છે. તે સાધુને નિર્દોષ અને જયણાપૂર્વક મળે તો દોષનું કારણ ન બને.

સંઘોમાં પાણી ઠારવાની પણ વિવિધ પદ્ધતિઓ છે. જેમાં મુખ્ય પરાતો છે. સાધુ-સાધ્વી માટે પાણી ઠારવા બને તો તાંબા-પિત્તળની જ પરાતો રાખવી સલાહભર્યું છે. એલ્યુમિનીયમની પરાતોમાં પાણી ઠારવાથી પાણીમાં તેના તત્ત્વો ભળવાથી પાણી નુકશાનકારક બને છે. તેવા સંશોધનો થયા છે. માટે સંઘોએ આ પણ ધ્યાન રાખી વ્યવસ્થા કરવી જોઈએ. પાણી ઉકાળવાનું પણ તપેલું ઢાંકણાવાળુ અને પિત્તળનું જોઈએ. અવસરે કલાઈ કરીને ઉપયોગ કરવાથી સચવાય છે.

જ્યાં ખારું પાણી આવતું હોય ત્યાં મીઠા પાણીની સગવડ કરવી જોઈએ. પીવા માટે તે આપી શકાય અને વાપરવા માટે કદાચ ખારું પાણી ચાલી શકે.

ટુંકમાં પાણીનું દાન એ પણ અન્નદાન જેટલો મહત્ત્વનો મુદ્દો સમજી પાણીની વ્યવસ્થા થાય તો સાધુ-સાધ્વીની તમે આરોગ્યની ચિંતા કરી કહેવાય. ઘણીવાર હૉસ્પિટલોના લાખો રૂપિયાના બીલો ભરવા સંઘમાં પડાપડી થાય છે. પરંતુ તે જ સંઘોમાં જયણાપૂર્વક પાણી ઉકાળવાની તથા આરોગ્યના નિયમો સાચવવાની સાવધાની લેવામાં આવતી નથી. એટલે એવું થાય છે કે ખાળે ડૂચા ને દરવાજા મોકળા જેવો ઘાટ થાય છે.

આ રીતે (૬) **ઔષધનું દાન (૭) વસ્ત્રનું દાન અને (૮) પાત્ર** (આહાર-પાણી વાપરવાના લાકડાના પાત્રા)નું દાન સ્વયં જાણી શકાય તેવું છે. આમ આઠ પ્રકારે સુપાત્રદાન છે. તે જાણી શ્રાવકે તમામમાં લાભ લેવા ઉદ્યત બનવું જોઈએ. નાનું દાન કરી મોટો લાભ લેવો જોઈએ.

આ રીતે સુપાત્રદાનના ૩ ભેદો (પ્રકારો) વડે ત્રણેયને સુપાત્રદાન આપવાની વાત થઈ. મુંબઈ જેવા મેગા સીટીઓમાં જૈનોના આચાર સચવાય અને શુદ્ધ આહાર મળે તેના માટે અનેક સંસ્થાઓ ચોવિહાર હાઉસ ચલાવે છે. આ પણ સુપાત્રદાનનો પ્રકાર કહી શકાય. જેમાં ક્યારેક જૈનેતર પણ યોગ્ય જીવો આવી આહારની બાબતમાં જૈન બની જતા હોય છે. ઓળીના દિવસોમાં ડાયમંડ માર્કેટમાં ચાલતા આયંબિલના આયોજનોમાં કેટલાય જૈનેતર ભાઈઓ જૈનોની જેમ આયંબિલનો તપ કરે છે. આ પણ એક વિશિષ્ટ લાભનું કારણ બને છે. આયંબિલનો મહિમા જગતમાં થાય છે. બારવ્રતમાં 'અતિથિ સંવિભાગ' વ્રત છે. જેમાં આ વ્રત કરનારે સાધુ-સાધ્વી કે છેવટે સાધર્મિકને ઘરે બોલાવી બહુમાનપૂર્વક જમાડવાની વાત છે.

અગિયારમી સદીની વાત છે. રાજા ભોજથી પ્રખ્યાત બનેલી ધારાનગરીમાં દેવર્ષિ નામના પંડિત મધ્યભારતના સાંકાશ્ય નગરથી આવીને વસેલા. પોતાનું ધન ગુપ્ત રીતે જમીનમાં દાટેલું. અચાનક પંડિતનું મરણ થયું. તેનો પુત્ર સર્વદેવ હતો. વિદ્વાન, ત્યાગી અને બ્રાહ્મણ ધર્મનો ઉપાસક હતો. જૈન મુનિઓ પ્રત્યે ઘણું આકર્ષણ હતું. પિતાના મરણ બાદ ગુપ્તધનની ભાળ મળતી ન હતી. ચિંતામાં હતો.

એકવાર ધારાનગરીમાં ચૂડામણી શાસ્ત્રના જાણકાર અત્યંત વિદ્વાન જૈનાચાર્ય મહેન્દ્રસૂરિ આવ્યાની જાણ થઈ. સર્વદેવે તેમની પાસે જઈ પોતાની મુંઝવણ રજૂ કરી. પિતાજીએ દાટેલા ધનનું સ્થાન બતાવવા વિનંતી કરી. મળશે તો અડધો ભાગ આપવા વચન આપ્યું. આચાર્યે જ્ઞાન દ્વારા લાભ જાણી કહ્યું તારા ઘરની કોઈપણ વસ્તુમાંથી જે માંગુ તેમાંથી અડધું આપવું ! સર્વદેવ સંમત થયો. સર્વદેવને પણ બે વિદ્વાન પુત્રો હતા. ધનપાલ અને શોભન.

બીજા દિવસે આચાર્યે બતાવેલા સ્થાનમાંથી પુષ્કળ ધન મળ્યું. આચાર્ય પાસે અડધો હિસ્સો લઈને ગયો. આચાર્યે પોતે પરિગ્રહી નથી તેવું જણાવી તારે આપવું હોય તો તારા બે પુત્રોમાંથી એક પુત્ર મને આપ એવું કહ્યું.

પંડિત મુંઝાયો. ધનપાલ દીકરાને બોલાવી આચાર્યના શિષ્ય બની પોતાને ઋણમાંથી મુક્ત બનવા સમજાવ્યો. ધનપાલ આવા વચનથી ધમધમી ઉઠ્યો. કહ્યું, હું રાજા ભોજનો મિત્ર અને મુંજરાજાનો માનીતો છું. ધર્મે ભૂદેવ છું. ત્રણે કાળમાં આવું નહિ બને ! પિતાએ શોભનને બોલાવી વાત જણાવી. શોભન ખૂબ વહાલો હતો. છતાં વચન આપેલું તેથી બીજો કોઈ વિકલ્પ ન હતો. શોભન આજ્ઞાંકિત હતો. તૈયાર થયો. આ.મહેન્દ્રસૂરિ પાસે દીક્ષિત થયો. ગુરુ વિહાર કરી ગુજરાત આવ્યા.

પંડિત ધનપાલ ખૂબ ગુસ્સે થયો. જૈન સાધુઓ પ્રત્યે દ્વેષી થયો. રાજા ભોજને સમજાવી શ્વે.જૈન શ્રમણોનો ધારાનગરી તથા માળવામાં પ્રવેશ બંધ કરાવ્યો. વિહારો બંધ થયાની જાણ આચાર્યને થઈ. ઘણો સમય વીત્યો. શોભનમુનિ શાસ્ત્રજ્ઞાન મેળવીને વાચનાચાર્ય બન્યા હતા. શિષ્યો પણ થયા હતા. આ બાજુ ધનપાલ પણ કવિ તરીકે રાષ્ટ્રમાં પ્રસિદ્ધિ પામ્યો. ભોજના દરબારનું રત્ન કહેવાતો.

શોભનમુનિ એકવાર ગુરુની આજ્ઞા લઈ ધારા નગરી પહોંચ્યા. (પોતાના કારણે જૈનમુનિઓ અહીં આવી શક્તા ન હતા તેનું નિવારણ કરવું હતું.) પોતાના શિષ્યોને ધનપાલ કવિના ત્યાં ભિક્ષા માટે મોકલ્યા. તેમના ઘરમાં ત્રણ દિવસનું દહીં હતું. (જૈન વિજ્ઞાન પ્રમાણે દહીં મેળવ્યા પછી ત્રીજા દિવસે અભક્ષ્ય બને છે. તેમાં સૂક્ષ્મ બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. પંડિતજી દહીં ભિક્ષામાં આપવા લાગ્યા. જ્ઞાની મુનિએ કહ્યું, ત્રણ દિવસનું દહીં અમારે નહી ખપે. તેમાં ત્રસ જીવો ઉત્પન્ન થયા છે. ધનપાલે કહ્યું, આમાં ક્યાં દેખાય છે ? મુનિએ ધનપાલ કવિરાજ પાસે અળતાનો ભૂકો મંગાવ્યો. દહીં ઉપર ભભરાવ્યો. દહીંમાં રહેલા તે જ કલરના જીવો ઉપર તરતા દેખાયા. તે મુનિએ બતાવ્યા. ધનપાલ જોઈને ચોંકી ગયો. મુનિની વાત સાચી લાગી. જૈનધર્મ ઉપર શ્રદ્ધા થઈ.

ત્યારબાદ બપોરે શોભનમુનિ પાસે ગયા. ખબર પડી આ તો મારા ભાઈ જ છે ! તેમની વિદ્વત્તા ઉપર ઓવારી ગયા. પછી તો ધનપાલ કવિ-જૈન સિદ્ધાંતો ભણ્યા. સર્વતોમુખી જ્ઞાન પ્રાપ્ત કર્યું. રાજા પાસે જઈ સમજાવી જૈન સાધુઓના વિહારો જે બંધ હતા તે શરૂ કરાવ્યા. પોતે જૈન ધર્મ અંગીકાર કર્યો. પછી તો ધનપાલ રાજાને છોડી આત્મકલ્યાણના માર્ગે વળ્યા. ધારાનગરીમાં આદિનાથ ભગવાનનું જિનાલય બનાવ્યું. બારવ્રત લીધા. સાતે ક્ષેત્રમાં દાન કર્યું. અપૂર્વ શાસન પ્રભાવના કરી. એકવારના જૈનોના દ્વેષી ધનપાલે અંતે ગુરુ પાસે જઈ સંલેખના કરી સમાધિપૂર્વક મરણ પામી પહેલા દેવલોકે ગયા. (વિ.સં.૧૦૯૦ લગભગ)

---

અનુસંધાન પાના નં.૫ ઉપરથી

પરમાત્મા મહાવીરદેવે તેમના શાસનમાં યોગસાધના સ્વરૂપ બાહ્ય અને અભ્યંતર આચારો કહ્યા છે. જ્ઞાન અને ભાવનાની પ્રરૂપણા કરી છે. આ આચારો અને મર્યાદાઓનું પાલન કરવું તે યોગ છે. તેમ અભ્યંતર આચાર રૂપે જીવનમાં વિનયાદિ ગુણો પ્રગટ કરવા તે પણ યોગસાધના છે. ત્યારબાદ ભાવનાયોગ એટલે ચિંતન દ્વારા આત્માનું ઘડતર કરવું તે ઊંચી ક્વોલિટીનો યોગ છે.

આ આચારો અને ભાવનાઓનો અભ્યાસ મન-વચન-કાયાથી કરવો તે યોગાભ્યાસ છે. વારંવાર પ્રેકટીશ કરવાથી યોગ પરિપકવ બને છે, અંતે સિદ્ધિ સુધી પહોંચે છે. આ યોગ જ આત્મસૌંદર્યને પ્રગટ કરે છે. સોળે કળાએ ખીલવે છે. યોગના અધિકારી (યોગ્ય) આત્માઓ માટે આ માર્ગ સુલભ છે. પ્રવચન શ્રવણ દ્વારા જે આત્માઓ પોતાના આત્માનું ઘડતર કરવા ઈચ્છતા હોય છે, તેવા આત્માઓએ યોગાભ્યાસમાં મન લગાવવું જોઈએ. ઉત્તરોત્તર ઉત્તમયોગોને સેવવા માટે સમય ફાળવવો જોઈએ. (ક્રમશઃ)

॥ તં દેવ દેવ મહિયં સિરસા વંદે મહાવીરમ્ ॥

૩૮ મું

પધારો... પધારો...

## જૈન એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડિયા
## ગ્રુપના મુખ્ય મુખ્ય યુવાનોનું...

# યુવા મહામિલન

**: પાવનનિશ્રા :**

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પ્રવચનકાર પૂ.પં.શ્રી **હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા

**સમય :** મહાવદી ૩-૪, શનિ-રવિ, તા.૧૯-૨૦ ફેબ્રુઆરી (બે દિવસ)
**સ્થળ :** સુમેરુ જૈન તીર્થ, સ્ટે. કરજણ, જિ. વડોદરા

**સેવા-સમર્પણ અને સંગઠન દ્વારા આત્મનિર્ભરતાની દિશામાં પગલું**

**વિશેષ માર્ગદર્શન :** સુશ્રાવક **કુમારપાળભાઈ વી. શાહ,** સાધર્મિકવત્સલ **શ્રી કલ્પેશભાઈ વી. શાહ**

દરેક કેન્દ્રોના મુખ્ય મુખ્ય યુવાનોને સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ

દરેક યુવાનોને પૂજા-સામાયિકના કપડાં તથા અન્ય ઉપકરણો સાથે લાવવા વિનંતી.

ઉપરોક્ત કાર્યક્રમ સરકારશ્રી દ્વારા જે તે સમયે બહાર પાડવામાં આવનારી સૂચનાને આધિન રહેશે. જેની નોંધ લેવા વિનંતી.



શાહપુર તીર્થના આંગણે પૂ.આ.શ્રી વરબોધિસૂરીશ્વરજી મ. અને પૂ.આ.શ્રી કુલબોધિસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન તપની સુંદર આરાધના ચાલુ છે તથા મુખ્ય જિનાલયના પ્રાંગણમાં પૂ.પં.પદ્મબોધિ વિ.મ. નિશ્રામાં નવકાર મહામંત્ર સાંકળથી જાપ કરતા તપસ્વીઓ

**સૌજન્ય :**

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2021-2023 Issued by SSP Valid up to 31-12-2023
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2021-2023 Valid up to 31-12-2023



# श्री शत्रुंजय तीर्थधाम
# भुवनभानु मानसमंदिरम् तीर्थ

Contact No. : 8551904888, 8551905888, 9823271991

**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514